Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન
સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 32 ● Dt. 21-07-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

આજે મેં વોટ્સઅપની દુનિયામાં એક ખાસ વાત જોઈ છે. બધા સમાજની વાત કરે છે પરંતુ આદિવાસી બનીને કોઈ વાત કરતા નથી. કોઈ હિન્દુ બની, કોઈ મુસ્લીમ બની, ઈસાઈ બની, કબીરવાળા, આસારામવાળા, યોગેશ્વરવાળા, રવિશંકરવાળા, રામદેવવાળા, પરમાત્માવાળા, જય ગુરૂદેવવાળા, ભાથીજીવાળા, શીખવાળા, રામવાળા, કૃષ્ણવાળા તો કોઈ બીજેપીવાળા તો કોઈ કોંગ્રેસવાળા બધા આ બનીનેવાત કરે છે. જ્યારે આદિવાસી બનીને બોલવા માગુ છું તો મને નાસ્તિક ગણવામાં આવે છે અને ધર્મનો વિરોધી ગણવામાં આવેછે. કોઈવળી મને એમ પણ કહે છે કે તમે કોઈની આસ્થાને ઠેસ પહોંચાડો છો. પરંતુ આ એ નથી જાણતા કે લોકો ધર્મોની મોટીમોટી વાતો કરે છે એ પહેલા ખાવાનું બંધ કરે પછી ધર્મનો ઉપદેશ આપે. પછી જુઓ શું થાય છે ? આદિવાસીને કોઈ ધર્મની જરૂર નથી. આ દેશમાં એ પંદર હજાર વર્ષથી અનાજ ઉગાડતા હતા અને જંગલને સુરક્ષીત રાખતા હતા. આદિવાસી વિજ્ઞાનને તો પહેલેથી જ જાણે છે કે જંગલની શુદ્ધ હવા ને કારણે માણસ જીવી રહ્યો છે. ખાધા વગર કોઈપણ જીવી શકે નહી. એ અમારો કુદરતી વ્યવહાર હતો. એટલા માટે આદિવાસી આજે પણ કોઈ કુદરતી વિધિ કરે છે તો અનાજના દાણા જમીન પર રાખીને ભૂમિ પૂજનની વિધિ કરે છે. આજે અમે અમારી આટલી ઊંચી સંસ્કૃતિ સભ્યતાને છોડીને કેવી રીતે બીજી સભ્યતાને માનીએ ? હું હવા લઉં છું તો હવાને જ ભગવાન માનું છું. ધરતી માતાને લીધે મને અનાજ મળે ચે એ ધરતીને હું માતા માનું છું. સૂર્ય અજવાળુ આપે છે આ ધરતીમાંથી શુદ્ધ પાણી મળે છે. જેના દ્વારા મારું શરીર ચાલે છે અને પૂરી સૃષ્ટિ ચાલે છે તો પછી બીજા કાલ્પનીક ધર્મોને હું કેમ માનું ? જે એવા ધર્મ જે માણસને માણસ ના સમજે, ધર્મના નામે રાજ કરે, ધર્મના નામે ઝઘડે એવો ધર્મ જે ધરતીને વિભાજીત કરે. આ બધા કાલ્પનિક ભગવાન અને ધર્મો બનાવીને દુનિયાની તબાહી કરીને અને પૂરી ભૂમિ ઉપર રાજ કરવું એ આ ધર્મોની નીતિ છે. અને થઈ રહ્યું છે. એટલા માટે કે જેણે જે પણ પાર્ટી- ધર્મનીચાદર ઓઢી છે. એ એકવાર ઉતારીને આદિવાસી બનીને વિચાર કરે કે આપણે આદિવાસી સભ્યતા કેટલી કિંમતી છે.

અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.

તંત્રી : અરવલ્લી જનજીવન

## આદિવાસી વિસ્તાર સાબરકાંઠામાં યોજાયેલ ગ્રામસભા અન્વયે થયેલ ચર્ચાઓ : ભાગ-૧

પ્રો. જે.સી. પટેલ

આદિવાસી સમાજ જીવન સમાજના અન્ય લોકોના જીવન કરતા ભિન્ન છે. પરંતુ અન્ય સમાજના લોકો આદિવાસી સમાજ જીવનને પોતાના દષ્ટિબિંદુથી સમજવાનો પ્રયત્ન કરીને તેમને પોતાના અનુરૂપનું જીવન જીવવા માટે પ્રેરે છે. આ પ્રકારની પ્રેરણાઓ તેઓ વિવિધ રીતે પૂરી પાડે છે. ઉ.દા. તરીકે ધાર્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક રીતે.

આ પ્રકારે જોતાં આદિવાસી સમાજના પ્રશ્નો મુખ્યત્વે બહારના સમાજ દ્વારા પ્રેરિત કરવામાં આવેલા જણાય છે. જેમાં વ્યક્તિ પાસે જેમ મૂડી પ્રમાણ વધુ તેમ વ્યક્તિનું પ્રતિષ્ઠા વધુ. જેમ વ્યક્તિ પાસે સત્તા વધુ તે.મ સમાજમાં તેનું સ્થાન ઊંચુ, જમીનથી માંડીને વિભિન્ન ચીજવસ્તુઓનું પ્રમાણ વધુ તેમ વ્યક્તિનું મહત્ત્વ વધુ, જે વ્યક્તિ ધાર્મિક સંપ્રદાયોમાં જોડાય, પૂજાપાઠ કરે તેમ તે વ્યક્તિ વધુ આગળ આવે વગેરે. આ પ્રકારના વિચારો તેઓને હંમેશા પૂરા પાડવામાં આવે છે. જેથી આદિવાસીઓ તેનું અનુસરણ કરે છે અને પોતાનું સમાજમાં સ્થાન ઊંચે લાવવા પ્રયત્ન કરે છે. તેઓ પ્રકૃતિ સાથેનો સ્વાભાવિક નૈસર્ગિક સંબંધોને ભૂલી જઈને કૃત્રિમ સંબંધોને વધુ મહત્ત્વ આપે છે. આ માહિતીને લઈને પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ તથા ગ્રામ સભા શું છે. તેનું ગઠન કઈ રીતે થઈ શકે. ગ્રામસભા કઈ રીતો કાર્યરત થઈ શકે ? સરકાર કરતા કઈ અને તે જુદી પડે છે ? જેવી અનેક બાબતોની ચર્ચાઓ કરવા માટે આ સભાઓ થઈ રહી છે. અત્રે આ ભાગ-૧ અને ભાગ-રમાં કેટલીક વિગતો અહીં રજૂ કરી છે.

આદિવાસીઓના જંગલ પરના અધિકારો હોવા છતાં કઈ રીતે તેને ખતમ કરી દેવાયા છે અને કેવા પ્રકારની વહીવટી પ્રક્રિયાઓથી આદિવાસીઓને છેતરવામાં આવે છે. મુખ્યત્વે. તેઓને કાયદાની જાણકારી અભાવ હોય તેમના અધિકારો ગુમાવે છે. વળી કાયદા ઉપર કાયદા નવાને નવા બનતા જાય છે. જેથી કાયદાકીય આંટીઘૂંટીનો કેટલો ખ્યાલ રાખવો તે આદિવાસીઓ માટે મુશ્કેલ છે.

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય. ઓબર્ઝવેશન પ્રમાણે સરકારી નોકરીઓમાં જગ્યા ભરાતી ન હતી. બીજી તરફ અનુસૂચિત જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ હોય કેટલીક જગ્યાઓ ફેરબદલી કરીને તેમનાથી ભરાતી હતી. એ પછીથી તેમાં કેટલાક ફેરફાર આપવામાં આવ્યા. આદિવાસીઓનું બજેટ પૂરતી માત્રામાં વપરાતું નથી. ગ્રામસભા લેવલથી આયોજન કરીને બજેટની ફાળવણી થવી જોઈએ તે નથી થતી પરંતુ કેન્દ્ર કે રાજય તરફથી ફાળવણી થાય છે.

એક સમય દરમિયાન ભારતમાં આદિવાસી રાજાઓના શાસન હતા. પરંતુ આજે તેની નોંધ શુદ્ધા લેવાતી નથી. આદિવાસી રાજાઓનો કોઈ ઈતિહાસ લખાયો નથી. જેથી આદિવાસીઓને જે સ્વમાનનો અનુભવ થવો જોઈએ તે થતો નથી.

મેડિકલ, પેરામેડિકલથી લઈને તમામ નાની-મોટી સરકારી નોકરીઓમાં આદિવાસીઓને સ્થાનો આરબીસીઓએ કેટલોક લાભ લઈ જાય છે. પરંતુ સરકાર એ બાબતે કોઈ નક્કર પગલાં ભરતી નથી.

ધર્મના અનુસંધાને પણ કેટાલક અછડતી વાતો કરે છે જેમાં આપણે શા માટે પ્રકૃતિને છોડીને અન્યોના દેવી-દેવતાઓની પૂજા કરીએ છીએ. જ્યાં સુધી એ ન છોડીએ ત્યાં સુધી આપણામાં આદિવાસીત્વ આવવું જોઈએ તે કયાંથી આવશે. જેમ કે કોઈને ત્યાં ૧૨મું હોય બધા એકબીજાને મળે ત્યારે રામ રામ કરે છે. ત્યાંથી લઈને અનોક બાબતોમાં અન્ય ધર્મીઓની વિગતો ઘૂસી ગઈ છે. શું આજથી ૧૫૦ કે ૨૦૦ વર્ષ પહેલા એ હતું. ત્યારે આપણે કઈ રીતે જીવતા હતા ? પ્રાકૃતિક તત્ત્વોની પૂજા કરીનો આનંદથી જીવન વ્યતિત કરતા હતા અનો આજે....

આદિવાસી પ્રશ્નોના સંદર્ભમાં શું કરી શકાય તે માટે પણ કેટલાંક સૂચનો થયા હતા. જેમાં ગ્રામસભા થકી આપણા જે વ્યક્તિગત અને સામૂહિક અધિકારો છે તે જળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેમ કે વ્યકિત જંગલમાંથી ઘાસ, બાંકડા વગેરે મેળવી શકે છે. ગામની જે કાંઈ સહિયારી સંપત્તિ છે તેમાં સમગ્ર ગામલોકોનો અધિકાર રહેલો છે. આદિવાસીઓનો મુખ્ય અધિકાર છે. આદિવાસીઓનો મુખ્ય હેતુ એ છે કે પોતાની આજુબાજુનું પર્યાવરણ જળવાઈ રહે અને તેમની પોતાની જરૂરિયાતોની ચીજો મળતી રહે. મૂળિવાદ, સમાજવાદ, જાતિવાદ કે ધાર્મિક ઉન્માદથી કયારેય સમાજના પ્રશ્નો દૂર થવાના નથી. પરંતુ માત્ર પ્રાકૃતિક વિચોરોથી તોનો હલ કરી શકાશે તેવું દઢપણે આદીવાસીઓનું માનવું છે.

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (૩૯) સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭
વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

## અલગ ભીલપ્રદેશની માંગણીને ફરી બુંલદ બનાવવા સમર્થકોને છોટુ વસાવાનું આહ્વાન

બીટીપીના ધારાસભ્ય છોટુભાઈ વસાવા અને એમના સમર્થકો સરકાર સમક્ષ અલગ ભીલપ્રદેશની માંગ પણ ઘણા સમયથી કરતા આવ્યા છે. છોટુભાઈ વસાવાએ એમના જન્મદિવસે ફરીથી ભીલપ્રદેશની માંગ બુલંદ કરવા આહ્વાન કર્યું છે. એમના સમર્થકોએ ઠેર ઠેર જન્મદિવસની ઉજવણી કરી સાથે સાથે સરકાર પાસે પમી અનુસૂચિની ચુસ્ત અમલવારીની માંગ કરી હતી. તો બીજી બાજુ છોટુભાઈ વસાવાએ પોતાના સોશિયલ મીડિયાના માધ્યમથી કાર્યકરોને ભીલ પ્રદેશની માંગને મજબૂતાઈથી ભીલ પ્રદેશ હમારી પહેચાન હૈ ટ્રેન્ડ ચલાવવા આહ્વાન કર્યું હતું. સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓની માંગને લઈ આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. નર્મદા જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન બહાદુર



વસાવા અને નર્મદા જિલ્લા બીટીપી કાર્યકરોએ નર્મદા જિલ્લામાં પમી અનુસૂચિની ચુસ્ત અમલવારી સાથે ચાર રાજ્યોના આદિવાસી વિસ્તારો જોડી અલગ ભીલીસ્તાન રાજ્યની લેખિતમાં માંગ રાષ્ટ્રપતિને કરી છે. હાલમાં આદિવાસીઓની જમીનો લૂંટાઈ રહી છે પણ એ સરકારને દેખાતું નથી. બીટીપી ધારાસભ્ય છોટુભાઈ વસાવા સહિત બીટીપીના ધારાસભ્ય છોટુભાઈ વસાવા સહિત બીટીપીના તમામ કાર્યકરોએ રાષ્ટ્રપતિને અલગ ભીલપ્રદેશની ભલામણ કરવા રજૂઆત કરી છે. એમના જણાવ્યા મુજબ આઝાદી બાદ ભારતના બે ભાગલા પડ્યા. જાતિ આધારે અલગ અલગ જિલ્લાઓ પણ બન્યા તો ગુજરાતની પૂર્વપટ્ટીનો ઉંમરગામથી અંબાજી સુધીના ૧૪ જિલ્લાઓમાં ૯૬ ટકા આદિવાસીઓ વસે છે સાથે સાથે આ વિસ્તાર મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સાથે જોડાયેલ છે. આ રાજ્યોના બોર્ડર પરના મોટા ભાગના વિસ્તારમાં આદિવાસીઓની વધારે વસ્તી છે. આ ચાર રાજ્યોના વિસ્તાર અંગ્રેજ શાસન દરમિયાન 'ભીલકંટ્રી' તરીકે ઓળખાતો હતો અને એ વિસ્તારના આદિવાસીઓની રહેણીકરણી, રીતરિવાજો એકબીજા સાથે મળતા આવે છે. આઝાદી બાદ એ 'ભીલકંટ્રી' ને ૪ રાજ્યોમાં વહેંચી દેવામાં આવ્યા અને આદિવાસી સમુદાયનો વિખૂટા પડાયા. તો તમારા દ્વારા 'ભીલપ્રદેશ'ની ભલામણ થાય એવી અમારી માંગ છે.

## આદિવાસી વિસ્તારના બાળકોની વાત કોણ સાંભળશે ?

## મોદીજી અમારે ભણવું છે પરંતુ અમારા વિસ્તારમાં નેટવર્ક જ નથી તો કેવી રીતે ભણીએ ?

કોરોના વચ્ચે લોકાડાઉનમાં શાળાઓ બંધ છે. વિદ્યાર્થીઓના અભ્યાસનો મોટ પ્રશ્ન સરકારને સતાવી રહ્યો છે સરકારે આનો ઉપાય શોધી કાઢયો છે, મોબાઈલ સ્કૂલ એટલે કે ઓનલાઈન શિક્ષણ. હાલ ગુજરાતના દરેક વિસ્તારમાં ઓનલાઈન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવાય છે તો સાથે સાથે ગુજરાત સરકારે ટેલિવિઝન પર પણ શિક્ષણ આપવાની શરૂઆત કરી છે. પણ ઓનલાઈન શિક્ષણ શહેરી વિસ્તારમાં જ શકય છે. ગુજરાતમાં હાલમાં પણ એવા વિસ્તારો છે કે જ્યાં કનેક્ટિવિટીનો અભાવ છે. અહીંયા વાત છે નર્મદા જીલ્લાની. નર્મદા જિલ્લામાં વિશ્વની સોથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાયું છે જેથી જિલ્લો વિશ્વના નકશામાં અંકિત તો થયો છે પણ એ જ નર્મદા જીલ્લાના ઘણા ગામો કનક્ટિવીટીથી વંચિત છે. જ્યાં કનેક્ટીવિટી ઉપલબ્ધ છે તો ત્યાં ઈન્ટરનેટ કંપનીઓના વાયરો કપાઈ જતા નેટવર્ક આવી રહ્યું નથી. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી થોડા જ કિલોમિટર દૂર નાંદોદ તાલુકાના ઓરી, વરખડ, સિસોદરા, કાંદરોજ સહિતના ૧૦થી વધુ ગામોમાં છેલ્લા દોઢ મહિનાથી બીએસએનએલના કેબલો કપાતા મોબાઈલ, ઈન્ટરનેટ સહિત લેન્ડલાઈન તમામ સુવિધાઓ બંધ છે. ડોડિયાપાડા, સાગબારા તાલુકાના ઘણા ગામોમાં કનેકટવિટીથી વંચિત છે. હાલ કોરોનાને લઈને મોબાઈલ શિક્ષણ આપવામાં આવે છે ત્યારે ઈન્ટરનેટ ના હોય જેને લઈને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. અન્ય ટેલિકોમ કંપનીઓના ટાવરો ન હોવાથી નેટવર્કને અભાવે શિક્ષણ પર માઠી અસર પડી રહી છે. ઘણી બધી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓન અને વાલીઓ બધાને અસર પડતી હોવાથી આગેવાનો દ્વારા અનેકવાર રજૂઆત રાજ્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરી ત્યારે ટેક્નિશિયન નથી. અધિકારીઓ ગમેતેવા જવાબો આપીને મુશ્કેલી નિવારણ કરવાનું ટાળે છે. વહેલીતકે આ નેટવર્ક ચાલુ થાય એવું નર્મદા જિલ્લાના ગ્રામજનો અવાજ ઉઠાવી રહ્યા છે. વિદ્યાર્થીઓ મોદીજીને પ્રશ્ન કરી રહ્ય છે કે મોદીજી અમારા વિસ્તારમાં નેટવર્ક નથી તો ઓનલાઈન કેવી રીતે ભણીએ ?? આ બાબતે ઓરી ગામના ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ખાનગી ટેલિકોમ કંપનીઓની સામે બીએસએનએલ એ વિશ્વનું સૌથી મોટું ટેલિકોમ ક્ષેત્ર અને નેટવર્ક ધરાવતી કંપની છે પણ ઊંચા પગાર લઈને જાડી ચામડીના થઈ ગયેલા અધિકારીઓને ગ્રાહકોની કશી જ પડી નથી. ગ્રાહકો બૂમા પાડ્યા કરે પણ ખોટાકાયેલું નેટવર્ક રીપેર કરવામાં કોઈ ઉતાવળ કરતું નથી. એક કેબલનો વાયર તુટયો હોય તો તેને જોડતા તેમને દોઢ મહિના થયો તોય જોડાતો નથી. રોજ રોજ કંપનીમાં ફરીયાદ કરીએ પણ કોઈ અધિકારી કે કર્મચારી ગંભીરતા ફરીયાદ ધ્યાનમાં લેતા નથી.

## છોટાઉદેપુર જિલ્લા શિક્ષક સંઘ દ્વારા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખને પોતાની વેદના સોશિયલ મિડીયા ઉપર જણાવી

છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગતરોજ જિલ્લા બે સાંસદ અને બે ધારાસભ્યોને આવેદનપત્ર આપી પોતાના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા જણાવ્યું હતું. જેમાં આજરોજ ગુજરાત રાજયના કોંગ્રેસ પક્ષના કાર્યકારી પ્રમુખ હાર્દિકભાઈ પટેલને બનાવવામાં આવતા છોટાઉદેપુર જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ દ્વારા અભિનંદન સાથે તેઓની નીડરતા અને સાહજિક રીતે જાહેર માનવ હીતોનો પ્રશ્નો માટે અવાજ ઉઠાવો છો તેથી રાજયના ૨૦૧૦ પછી ભરતી થયેલ પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ૪૨૦૦ ગ્રેડ પે અને સીસીસીની મુદત વધારો કરવા માટે માંગણીનો સરકાર પાસે પાછલા ઘણા સમયથી કરી રહ્યા છે. સરકાર પાસે ચોક્કસ નિર્ણય લઈ શકતી નથી. સરકાર આ માંગણીઓ પૂરી કરવા માટેનો કોઈ ઈરાદો જણાતો નથી. આ માંગણીઓને લઈ છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે રમણભાઈ રાઠવાએ ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખને જાણ કરી કે અમારા શિક્ષકોને ધીરજ હવે ખૂટી રહી છે. સંયમતાની સીમા પૂરી થવા આવી છે.

સરકારની દરેક કામગીરી અમારા પ્રાથમિક શિક્ષકોને સોંપવામાં આવી છે. તે પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વક કરતા રહ્યા છે. છતા પાછલાં ઘણા વર્ષોથી શિક્ષકોને ગરિમાને અસર થાય તે રીતે સરકાર દ્વારા ઓરમાયું વર્તન કરવામાં આવે છે ગુરુ પરંપરા ગુજરાતની સંસ્કારી ધરોહરમાં કામ કરતા પ્રાથમિક શિક્ષકો માટે સ્થિતિ દિન-પ્રતિદિન કથળતી રહી છે તેવા સમયમાં ન્રમ નિવેદન છે કે ગુજરાતના પ્રાથમિક શિક્ષકોનો મનોબળ મજબુત કરવા તેમજ જ્ઞાન વાતસલ્ય બૌદ્ધિક વ્યવસાયને વરેલા કર્મચારીઓને આર્થિક રક્ષણ આપવા આપના સહયોગની અપેક્ષા રાખીએ છીએ.

 ISSN-2454-9622 

# ગરીબી, નિરક્ષરતા, દેવાની સમસ્યાઓ, જમીન વિહોણાપણું, કૃષક સમસ્યાઓ, શોષણની સમસ્યાઓ

ડૉ.સુભાષ પાંડર

કૃષક સમસ્યાઓ :

આદિવાસીઓ તેમની પરંપરાગત ફરતી ખેતી કરે છે. આવી ખેતી ઘણી મહેનત માગી લે છે અને આર્થિક રીતે નુકસાનકારક પણ છે. ફરતી ખેતીમાં ખેતઉત્પાદન બહુ જ અલ્પ રહે છે. આમ છતાં આદિવાસીઓ ફરતી ખેતી કરવાની પદ્ધતિ છોડી દેવા તૈયાર થતા નથી. કારણ કે આવી ખેતી તેમની ભાવના સાથે સંકળાયેલી છે અને સ્થિર ખેતીને તેઓ આદિમ ધર્મવિરુદ્ધ ગણે છે. આથી આવી ખેતી કરતા આદિવાસીઓ જીવનનિર્વાહ ચલાવવા પૂરતું પણ ઉત્પાદન મેળવી શકતા નથી તેમજ આવી ખેતીમાં ઉત્પાદન ઉત્તરોત્તર ઘટતું જાય છે. વસતિ વૃદ્ધિના દબાણ હેઠળ ફરતી ખેતી માટેની જમીન સીમિત બનતી જાય છે. ફળદ્રુપતાની પુનઃપ્રાપ્તિ માટે પહેલાં ૯-૧૦ વર્ષ સુધી પડતર રાખવામાં આવતી હતી. પરંતુ હવે બે પાક વચ્ચેનો સમયગાળો ઘટતો જાય છે અને ફળદ્રુપતા પણ ઘટતી જાય છે. ફરતી ખેતી હવે આદિવાસીઓનું ભરણપોષણ કરવા માટે પર્યાપ્ત રહી નથી. તેનાથી જમીનની ઉત્પાદકતા ઘટતી જાય છે, પર્યાવરણને તે નુકસાન કરે છે, જંગલોનો નાશ થવા પામે છે અને જમીનનું ધોવાણ થાય છે. વળી ફરતી ખેતીને લીધે આદિવાસીઓ વિકેન્દ્રિત થયેલાં હોય છે. આથી તેમને શિક્ષણ, આરોગ્ય અને અન્ય સામાજિક સેવાઓ પૂરી પાડવાનું મુશ્કેલ બને છે.

(૨) સ્થાયી ખેતી : આદિવાસી વસતિના ૬૦ ટકા આદિવાસીઓ તેમના જીવનનિર્વાહ માટે સ્થાયી સૂકી ખેતી કરે છે. દેશના અન્ય ગ્રામીણ વિસ્તારોની જેમ આદિવાસી વિસ્તારોમાં મોટે ભાગે નાના ખેડૂતો, જમીનનાં નાનાં નાનાં ખેતરો, ઓછી ફળદ્રુપ જમીન અને પરંપરાગત ઢબે ખેતી થાય છે. સરેરાશ ખેતર ત્રણ એકરથી ઓછા વિસ્તારનું હોય છે. નબળી જમીનને લીધે ઉત્પાદન ઓછું રહેવા પામે છે. જમીનની ઓછી ફળદ્રુપતા, સિંચાઈનો અભાવ, આદિમ યંત્રવિજ્ઞાન, ગરીબી અને દેવું, ધિરાણનો અભાવ, સુધારેલા બિયારણ, રાસાયણિક ખાતર વગેરે અંગે ઓછી જાણકારીને લીધે આ સ્થાયી ખેતી નિર્વાહલક્ષી બની રહે છે. અમુક ઉત્પાદન મીઠું, તેલ, કપડાં જેવી વસ્તુઓ ખરીદવા માટે વેચે છે. સામાજિક દેવાને લીધે જમીન ગીરો મૂકવાના અને જમીન વિહોણાપણાના કિસ્સા વધતા જાય છે. આથી ભૂમિહીનોનું પ્રમાણ વધ્યું છે અને ભૂમિહીનો સ્થળાંતરિત મજૂરો બની જાય છે. જો કે છેલ્લા દાયકાઓમાં વિકાસ કાર્યક્રમોને લીધે નવા યંત્રવિજ્ઞાને પ્રવેશ કર્યો છે પરંતુ તેનો લાભ બહુ થોડા કૃષક શાહુકારો મેળવે છે.

સાદું યંત્રવિજ્ઞાન : આદિવાસી સમાજમાં ખેતી સાથે સંકળાયેલી એક મહત્ત્વની સમસ્યા યંત્રવિજ્ઞાનની છે. બિનઆદિવાસી ગામોના યંત્રવિજ્ઞાનની કક્ષા કરતાં આદિવાસીઓના કૃષિ સંબંધિત યંત્રવિજ્ઞાનની કક્ષા સાદી છે. તેમનાં કૃષિ-સાધનો સ્થાનિક બનાવટનાં હોય છે. કુહાડી, દાતરડુ, પાવડો, ત્રિકમ, કોશ, કોદાળી, દાતરડુ, ખૂરપી, દંતાળી, લાકડાનું હળ વગેરે ખેતીનાં સાધનો છે. આ સાધનો ઊંડી ખેતી કરી શકાય તેવાં હોતાં નથી. ખેતી માટે પશુનો ઉપયોગ થાય છે પરંતુ પશુધન નબળું હોય છે. ખાતર માટે છાણાનો ઉપયોગ કરે છે. ખેતી માટે સિંચાઈના સાધનનો અભાવ હોય છે. આધુનિક કૃષિ સાધનો અને રાસાયણિક ખાતર, સુધારેલા બિયારણ, સુધારેલી ખેત પદ્ધતિનો પ્રસાર ભાગ્યે જ થયો છે. સાદા યંત્રવિજ્ઞાનને લીધે વધુ મહેનતે ઓછું ફળ મળે છે.

જમીનની ઓછી ફળદ્રુપતા : જે આદિવાસીઓ જમીન ધરાવે છે તેઓ પાસે જમીન પ્રમાણમાં ઘણી ઓછી છે. જમીનના એકમો નાના ટુકડાઓમાં વહેંચાયેલો છે. તેઓ મુખ્યત્વે એક જ ખાદ્ય પાક લઈ શકે છે. ખેતી કરવાની પદ્ધતિ પરંપરાગત છે, જમીનનું સતત ધોવાણ થતું રહે છે, ફળદ્રુપતા જાળવી રાખવા કે વધારવા ખાતરોનો ભાગ્યે જ ઉપયોગ થાય છે અથવા નહિવત્ થાય છે. રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા નથી. પશુધન મર્યાદિત હોવાથી દેશી ખાતરનો નહિવત્ ઉપયોગ થાય છે. પરિણામે ઉત્પાદનનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જાય છે.

ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓની એક અસર એ થઈ છે કે આદિવાસીઓમાં ઉચ્ચ જીવનની ઝંખના ઊભી થઈ છે. જે આદિવાસીઓ ખેતી કરે છે તેઓ થોડી જમીનમાંથી અધિકતમ લાભ ઉઠાવવા પ્રયત્ન કરવા લાગ્યા છે. દા.ત. ખાસી આદિવાસીઓમાં ખ્રિસ્તી મિશનરીઓએ બટાટાની ખેતી શરૂ કરાવી. આવી ખેતી રોકડિયો પાક હોવાથી આર્થિક લાભની સંભાવના વધી ગઈ. તેઓ થોડી જમીનમાં વધુ ખેતી કરીને જમીનનું શોષણ કરવા પ્રયાસ કરે છે. પરંતુ ખેતીની ફળદ્રુપતા વધારવા કે ટકાવી રાખવા આધુનિક ખાતરની પદ્ધતિઓ અપનાવી નહીં શકવાના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી છે.

ઓછી ઉત્પાદકતા : આદિવાસીઓની કૃષિ તેમને આખું વર્ષ કામ અને ખોરાક પૂરો પાડી શકે તેમ નથી. કુલ જમીનમાંથી ખેતી થઈ શકે તેવી જમીન બહુ ઓછી છે. ખેતી વરસાદ આધારિત છે. મોટાભાગના આદિવાસીઓની જમીન એક પાક લઈ શકાય તેવી છે. બહુ ઓછા આદિવાસીઓ સિંચાઈની સુવિધા ધરાવે છે. સિંચાઈની સુવિધાવાળા આદિવાસી કિસાનો બે પાક મેળવતા હોય છે. આદિવાસી કિસાનોની માનસિકતા બિન-આદિવાસી કિસાનોથી ભિન્ન છે. આદિવાસી કિસાનોમાં નફાનો ખ્યાલ નવો છે. તેમની અર્થવ્યવસ્થા નિર્વાહલક્ષી છે. તે નફાલક્ષી બની નથી. આથી કૃષિ ઉત્પાદન ઓછું છે. આદિવાસી કૃષિમાં ઓછી ઉત્પાદકતાની સમસ્યા છે. જૂની પદ્ધતિની ખેતી, નફો મેળવવા માટે પ્રોત્સાહનનો અભાવ, સંચારવ્યવહાર, બજાર જેવા આંતરમાળખાની અલ્પતા, કૃષિ ઉત્પાદનના વાજબી ભાવ મળવાની શંકા, વેપારી અને વચેટિયા દ્વારા નિયંત્રિત બજાર, સિંચાઈની સુવિધાનો અભાવ, સુધારેલા બિયારણ, રાસાયણિક ખાતર, ખેતઓજારોનો ઉપયોગ કરવાની ક્ષમતાનો અભાવ, ઉત્પાદન વધારવા માટેની જાણકારીનો અભાવ અને વ્યાપક નિરક્ષરતા જેવાં પરિબળો નીચી ઉત્પાદકતા માટે જવાબદાર હોવાનું જણાયું છે. ગરીબી, ઋણગ્રસ્તતા અને શોષણને લીધે ઉદ્ભવેલી જમીન વિહોણાપણું અને જમીન ગીરો મૂકવાની પ્રક્રિયાને બિનઆદિવાસીઓએ મજબૂત કરી છે. આવા લોકો કૃષિનિર્ભર હોતા નથી. આથી તેઓ ઉત્પાદન વધારવા પ્રયત્ન કરતા નથી. તેઓ ખેતીનું આધુનિકરણ કરવાને બદલે જમીન પર કબજો જમાવીને આદિવાસીઓ ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવામાં રચ્યાપચ્યાં રહે છે.

અન્ય સમસ્યાઓ : કૃષિ વિષયક અન્ય સમસ્યાઓમાં બિનખેડૂતીકરણ, વિસ્થાપન અને બંધવા મજૂરનો પ્રશ્ન ધ્યાન ખેંચે છે. જમીન સ્વત્વાર્પણની પ્રક્રિયામાં આદિવાસી ખેડૂત ભૂમિહીન ખેતમજૂરમાં રૂપાંતર પામે છે. સ્થળાંતરિત ખેત મજૂર બને છે અથવા ઔદ્યોગિક મજૂર બને છે અથવા બંધવા મજૂરની સ્થિતિમાં મુકાઈ જાય છે. આમ જમીન વિહોણાપણુંની પ્રક્રિયા બિનખેડૂતીકરણની પ્રક્રિયા વિકસાવે છે. આદિવાસી વિસ્તારોમાં નવા પ્રોજેક્ટ્સ, ટાઉનશીપ, ઉદ્યોગ, બંધ, વિદ્યુતમથક, વનીકરણ વગેરેને લીધે ઘણા આદિવાસીઓનું વિસ્થાપન થાય છે. તેઓ ખેડૂતમાંથી બિનખેડૂત બની જાય છે. આવા વિસ્થાપિતો મજૂરો બને છે.

વધુ આવતા અંકે

# અરવલ્લી પોલીસતંત્રનો બુટલેગરો અને જુગારીઓ પર સપાટો બોલાવ્યો

**એલસીબી પોલીસે ઈસરી નજીકથી સગીરાનું અપહરણ કરનાર શખ્શને બનાસકાંઠા માંથી દબોચ્યો**

સંજય શર્મા દ્વારા





અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા ગુન્હેગારો સામે શક્ષ કાર્યવાહી કરવા જીલ્લા પોલીસતંત્રને કડક સૂચના આપવામાં આવતા જીલ્લા પોલીસતંત્રે બુટલેગરો અને જુગારીઓ પર તવાઈ બોલવી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી ટ્રકમાંથી ૯.૬૧ લાખનો વિદેશી દારૂ, ભિલોડા પોલીસે સ્વીફ્ટ કારમાંથી ૯૧ હજારનો, મોડાસા ટાઉન પોલીસે બે બાઈક, એક એક્ટિવા સાથે ૪ બુટલેગરોને ૨૭ હજારથી વધુના દારૂ સાથે દબોચી લીધા હતા પોલીસતંત્રએ બુટલેગરો પર ધોંસ વધારતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે માલપુર પોલીસે દલપતપુરા (અણીયોર) ગામની સીમ માં જુગાર રમતા ૪ શખ્સોને ૩૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા જીલ્લા એલસીબી પોલીસે ઈસરી વિસ્તારમાંથી એક વર્ષ અગાઉ સગીરાનું બાઈક પર અપહરણ કરનાર શખ્શને બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાંથી સગીરા સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

શામળાજી પીએસઆઈ દેસાઈએ હરિયાણાના બુટલેગર જયેશ રાણાએ વડોદરા બુટલેગરને ૯.૬૧ લાખનો દારૂ પહોંચાડવા ટ્રકમાં નટ-બોલ્ટ કટ્ટા ની આડમાં સંતાડી ઘુસાડવાનો કીમીયો નકામો બનાવી રતનપુર ચેકપોસ્ટ પરથી બે શખ્સોને દબોચી લઈ ૨૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના બુટલેગર અને દારૂ મંગાવનાર વડોદરાના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂત અને તેમની ટીમે ટોરડા ગામની સીમમાં પોલીસ પેટ્રોલિંગ જોઈ રોડ પર સ્વીફ્ટ કારનો ચાલક કાર રોડ પર મૂકી નાસી છુટતા ભિલોડા પોલીસે બિનવારસી મળી આવેલ સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કીં.રૂ.૯૧૯૬૯/- તથા સ્વીફ્ટ કાર મળી કુલ.રૂ.૨૯૧૯૬૯/- નો મુદ્દામાલ જપત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પીઆઇ વાઘેલા અને તેમની ટીમે સહયોગ બાયપાસ ચોકડી નજીકથી બે બાઈક અને એક્ટિવા પર દારૂની ખેપ મારતા ૧) નરેશ સોનાજી બોરાણા, ૨) ગોવિંદ કેવજીભાઈ કલાલ (બંને,રહે.ઓઢવ,અમદાવાદ) ,૩) સાગર ચંદુભાઈ સોની (નીકોલ) અને ૪)ગોવિંદસિંહ ખુમાનસિંહ ચૌહાણ (રહે,ઘોડાસર) ને ઝડપી પાડી બોટલ નંગ-૩૯ કીં.રૂ.૨૭૯૦૦ /- સાથે કુલ મુદ્દામાલ મળી રૂ.૧૦૭૯૦૦/- જપ્ત કરી ચારે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

માલપુર પીએસઆઈ સોલંકી અને પોલીસ સ્ટાફે દલપતપુરા (અણીયોર) ગામના વાંઘામાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧) શૈલેષ મનુભાઈ ખાંટ (રહે,ફતેપુરા-અણીયોર), ૨)રાકેશ હરિભાઈ ખાંટ (વાંટા-રામપુર,ધનસુરા, ૩)અરવિંદગિરી ગોવિંદગિરી ગોસ્વામી (બાવાનામઠ-મોડાસા, ૪)મેહુલસિંહ ભંવરસિંહ રાઠોડ (રાજપૂતના મુવાડા-ધનસુરા) ને દબોચી લઈ રોકડ રકમ -૧૫૦૦૦/-,બાઈક,મોબાઈલ-૨ મળી કુલ રૂ.૩૯૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ૪ શકુનિઓ સામે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે પરમાર અને તેમની ટીમે એક વર્ષ અગાઉ ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાનું બાઈક પર અપહરણ કરી જનાર મહેન્દ્ર બકાભાઈ બામણીયા (રહે,ખેરંચા, રામદેવ ફળિયું-ભિલોડા) ને બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના ચેખલા ગામેથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

### ઉત્તર ભારતથી આવતી ટ્રેનો એક મહિના માટે ફુલ

# ગુજરાતમાં રોજી-રોટી માટે શ્રમિકો પાછા આવી રહ્યા છે

## લોકડાઉન લાગુ થયા બાદ બેરોજગાર બનેલા શ્રમિકોએ વતનની વાટ પકડી હતી : ઉદ્યોગો શરૂ થતા પરત ફર્યા

લોકડાઉન લાગુ થયા બાદ બેરોજગાર બનેલા પરપ્રાંતિય શ્રમિકોએ પોતાના વતનની વાટ પકડી હતી. પરંતુ હવે જેમ જેમ ઉદ્યોગો ફરી શરૂ થઈ રહ્યા છે, રોજી-રોટી માટે શ્રમિકો મોટી સંખ્યામાં ગુજરાતમાં પરત ફરી રહ્યા છે. એવામાં આગામી એક મહિના માટે મુઝફ્ફરપુર, દરભંગા, ગોરખપુર સહિતના ઉત્તર ભારતના અન્ય શહેરોમાંથી અમદાવાદ તથા ગુજરાતના અન્ય મુખ્ય શહેરોમાં આવતી તમામ ટ્રેનો બૂક થઈ ચૂકી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે, ઉત્તર ભારતથી ગુજરાત આવતી ટ્રેનો આગામી ચાર અઠવાડિયા માટે ફુલ બૂક થઈ ચૂકી છે. ઘણા લોકો પહેલા દિલ્હી અને ત્યાંથી અન્ય ટ્રેન પકડીને ગુજરાત આવી રહ્યા છે. આવા જ એક પેસેન્જર રાધેશ્યામ યાદવને દરભંગાથી ડાયરેક્ટ અમદાવાદની ટિકિટ મેળવવી મુશ્કેલ હતી, તેઓ દિલ્હીથી આશ્રમ એક્સપ્રેસ ટ્રેનમાં અમદાવાદ પહોંચ્યા. સુરત શહેરમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા હોવા છતાં બિહારના છપરાથી આવતી તાપી-ગંગા એક્સપ્રેસ ૯મી ઓગસ્ટ સુધી ફુલ બૂક થઈ ગઈ છે. જ્યારે આશ્રમ એક્સપ્રેસના ૮૦ ટકા સ્લીપર ક્લાસ પેસેન્જર અલવર, જયપુર અને અજમેરથી આવી રહ્યા છે. આ તે લોકો છે જે લોકડાઉન દરમિયાન રાજસ્થાન પાછા ફર્યા હતા. રેલવેના અધિકારીએ જણાવ્યું કે, અઠવાડિયામાં ૩૭ ટ્રેનો દિલ્હી, યુપી અને બિહારથી અમદાવાદ પહોંચી છે. અંદાજ મુજબ આ ટ્રેનો આશરે ૨.૫ લાખ લોકોને પાછા લાવી ચૂકી છે. ACS લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ વિપુલ મિત્રાએ જણાવ્યું કે, જેવી રીતે ઈન્ડસ્ટ્રીના પ્રોડક્શનની ઝડપી વધી છે, સ્પષ્ટ છે કે ૮૦ ટકા લેબર પાછા ફર્યા છે. ગુજરાતમાં ઘણા લોકોને રોજગારી મળતી હોઈ અમને ખાતરી હતી કે તેઓ પાછા આવશે.

# કોરોનાની સારવાર માટે મોંઘી દવાની સલાહ કેમ ?

સંસદની એક સમિતિએ ગત બુધવારે વરિષ્ઠ સરકારી અધિકારીઓને કોવિડ-૧૯ની સસ્તી અને દેશમાં ઉત્પાદિત સરળતાથી ઉપલબ્ધ દવાઓને મહત્વ આપવાનું કહ્યું છે, તેમ સૂત્રોએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે સંસદીય સમિતિએ આર્યુવેદિક કંપનીઓ દ્વારા રજૂ કરાયેલી મોંઘી દવાઓનો ઉપયોગ કરવાની સલાહને રોકવા અને તેની કિંમતો નિયંત્રિત કરવા કહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે ગૃહ મામલોની સ્થાયી સમિતિએની એક બેઠકમાં સમિતિના સભ્યોએ કોવિડ-૧૯ની દવાઓની ઉચ્ચત્તમ કિંમતો નક્કી કરવા માંગ કરી છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, સ્વાસ્થ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલ અને અન્ય અધિકારીઓએ કોંગ્રેસ નેતા આનંદ શર્માની અધ્યક્ષતાવાળી ગૃહ મામલા પરની સંસદની સ્થાયી સમિતિને કોવિડ-૧૯ મહામારીના મેનેજમેન્ટ પર તથા ચરણબદ્ધ રીતે લોકડાઉન હટાવવા અંગે અને આર્થિક ગતિવિધિઓને ચાલું કરવા અંગેની જાણકારી આપી હતી. સમિતિના સૂત્રોએ કહ્યું કે રાજકીય પાર્ટીની ભાવનાથી ઉપર ઉઠીને સમતિના સભ્યોએ સવાલ કર્યો કે કોવિડ-૧૯ની સારવાર માટે મોંઘી દવાઓની સલાહ કેમ આપવામાં આવી રહી છે ? સૂત્રોએ જણાવ્યું કે બેઠક દરમિયાન સમિતિના સભ્યોએ રેમેડેસિવીર અને ટોસીલીજુમૈબ જેવી દવાઓના કાળાબજાર પર ચિંતા પ્રગટ કરી હતી. તેમણે આ દવાઓની કિંમતની સીમા નક્કી કરવા સૂચન કર્યું હતું. સમિતિએના સભ્યોએ ત્રણ સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ દવાઓના નામ લઈને સવાલ કર્યો કે આ દવાઓ સમાન રુપથી કારગર હોવા છતાં તેમને પ્રોત્સાહન કેમ આપવામાં આવતું નથી.

# પોલીસ લાઠીઓ વરસાવી અને ખેડૂત દંપતિએ ઝેર પીધું

મધ્યપ્રદેશના ગુનામાં ગરીબ ખેડૂત દંપતી પર પોલીસ અત્યાચારની ભયંકર ઘટના સામે આવી છે. પોલીસ આ દંપતી પર રાક્ષસની જેમ તૂટી પડ્યા બાદ આ દંપતિએ પોતાના બાળકોની સામે જ ઝેરી દવા પી લીધી હતી. વક્તા એ છે કે પોલીસ સામે કેસ નોંધવાને બદલે આ દંપતી સામે એફઆઈઆર નોંધાઈ છે. તેમના બાળકોને અનાથાશ્રમ મોકલવાની તજવીજ ચાલી રહી છે. આ આખી ઘટનાની તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસની બર્બરતા સામે દેશભરમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠયો છે. વિગતો પ્રમાણે ગુના જિલ્લામાં મંગળવારે મહેસૂલ વિભાગ અ?ને પોલીસની ટીમ જમીન પર થયેલો ગેરકાયદેસર કબ્જો હટાવવા માટે ગઈ હતી. આ જમીન સાયન્સ કોલેજ માટે અપાયેલી છે અને પોલીસ પહેલા પણ તેના પરનું ગેરકાયદેસર દબાણ હટાવી ચુકી છે. આ જમીન પર હાલમાં રાજકુમાર નામનો ખેડૂત અને તેની પત્ની ખેતી કરે છે. તેમણે પોલીસને કહ્યું હતું કે, જે પાક ઉગ્યો છે તેની કાપણી થઈ જાય ત્યાં સુધી મહેરબાની કરીને રોકાઈ જાવ. કારણકે અમે બે લાખ રૂપિયા ખર્ચો કર્યો છે. જોકે, પોલીસે બર્બરતાનું પ્રદર્શન કરીને આ દંપતિને તેમના બાળકોની સામે જ મારવા માંડ્યા હતા. લાચાર દંપતીએ તે પછી પોલીસ અને પોતાના બાળકોની સામે જ ઝેરી દવા પી લીધી હતી. જોકે પોલીસને તો તેની પણ કોઈ અસર થઈ નહોતી. ખેડૂત કહેતો રહ્યો હતો કે, મેં દેવું કરીને આ જમીન પર ખેતી કરી છે. એ પછી દંપતિ બેહોશ થઈ ગયું હતું. જેમતેમ કરીને તેમને બાદમાં હોસ્પિટલ લઈ જવાયા હતા.

 ISSN-2454-9622 

# સંજેલી : આદિવાસી પરિવાર ભીલ પ્રદેશ મુક્તિ મોરચા દ્વારા અલગ રાજયની માંગને લઈને સંજેલી મામલતદારને આવેદનપત્ર આપ્યું



સિંધુ સંસ્કૃતિથી ભારત દેશ તેમજ ઝારખંડની અંદર જે ભીલજાતિ છે. ભીલની ભૂમિ છે ભીલ પ્રદેશ માટેની અમારી માંગણી છે. દરિયાકાંઠાનો વિસ્તાર છે તે મહારાષ્ટ્ર અને ગુજરાતને વેચાઈ ગયો છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ તમામ વિસ્તારના ભીલ પ્રદેશને અલગ રાજ્ય બનાવવાની માંગ સાથે ભીલપ્રદેશ મુક્તિ મોરચા દ્વારા રાષ્ટ્રપતિને સંબોધીને સંજેલી મામલતદારને આવેદનપત્ર આપ્યું.

સંજેલી તાલુકાના આદિવાસી પરિવાર ભીલપ્રદેશ મુક્તિ મોરચા દ્વારા આદિવાસી હોવાને નાથે દેશમાં આપણી બોલી આપણા રીતરિવાજો, આપણા પહેરવેશ, આપણી સંસ્કૃતિ હર હંમેશા માટે જળવાઈ રહે. સાબરમતી, તાપી, મહી, ગોદાવરી, નર્મદા નદીઓ જે મૂળ શીલાસંન્યાસ દર મૂળની ઘણી આદિવાસી પરિવાર અલગ ભીલપ્રદેશ માટે ચાર રાજયોમાંથી એકી સાથ અવાજ ઉઠવા પામ્યો છે.

આપણા ભીલ ગણરાજ્ય ગુજરાત, રાજસ્થાન મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અલગ અલગ વિસ્તારના એક જ નામથી ભીલપ્રદેશ જાહેર કરવાની માંગ સાથે રાષ્ટ્રપતિથી માંડીને રાજયપાલ, સુપ્રિમ કોર્ટ પ્રધાનમંત્રી અને માનવ અધિકાર આયોગને સંબોધીને ૧૫ જુલાઈ, ૨૦૨૦, બુધવારના રોજ સંજેલી પુરવઠા મામલતદાર સુજલ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. માંગનું આવેદનપત્ર રાજ્યપાલ તેમજ રાષ્ટ્રપતિને મોકલવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.તાલુકાના આદિવાસી પરિવાર ભીલપ્રદેશ મુક્તિ મોરચા દ્વારા આદિવાસી હોવાને નાથે દેશમાં આપણી બોલી આપણા રીતરિવાજો, આપણા પહેરવેશ, આપણી સંસ્કૃતિ હર હંમેશા માટે જળવાઈ રહે. સાબરમતી, તાપી, મહી, ગોદાવરી, નર્મદા નદીઓ જે મૂળ શીલાસંન્યાસ દર મૂળની ઘણી આદિવાસી પરિવાર અલગ ભીલપ્રદેશ માટે ચાર રાજ્યોમાંથી એકી સાથ અવાજ ઉઠવા પામ્યો છે.

આપણા ભીલ ગણરાજ્ય ગુજરાત, રાજસ્થાન મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અલગ અલગ વિસ્તારના એક જ નામથીસ ભીલપ્રદેશ જાહેર કરવાની માંગ સાથે રાષ્ટ્રપતિથી માંડીને રાજ્યપાલ, સુપ્રિમ કોર્ટ પ્રધાનમંત્રી અને માનવ અધિકાર આયોગને સંબોધીને ૧૫ જુલાઈ, ૨૦૨૦, બુધવારના રોજ સંજેલી પુરવઠા મામલતદાર સુજલ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. માંગનું આવેદનપત્ર રાજયપાલ તેમજ રાષ્ટ્રપતિને મોકલવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

# અરવલ્લીમાં માસ્ક ન પહેરનારા ૭૯૧૫ લોકો પાસેથી ૧૫.૮૩ લાખ દંડ વસૂલ કર્યો

**મોડાસામાં શહેરમાં છેલ્લા ૧૫ દિવસમાં ૧.૬૨ લાખ દંડ વસૂલ કરાયો.**



ધનંજય ભાટીયા દ્વારા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળી રહ્યો છે જેને લઈ કોરોનાનો આંક ૨૭૦ને પાર પંહોચી ગયો છે. જેથી કોરોનાનું સંક્રમણને અટકાવવા ફરજીયાત માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સિંગનો અમલ થાય તે માટે વહિવટીતંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહિ હાથ ધરી છે.

જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં તાજેતરમાં જિલ્લામાં જાહેર જગ્યાએ થૂંકવા અને માસ્ક ન પહેરવા બાબતે દંડનીય કાર્યવાહી કરવા વધુ અસરકારક બનાવવા તાલુકાના મામલતદાર, પ્રાંત અધિકારી મોડાસા-બાયડ,નગરપાલિકા ચીફ ઓફિસર મોડાસા-બાયડ સાથે બેઠક યોજી હતી અને કોરોનાને બિમારીને ગંભીરતાથી લીધા વિના ફરતા લોકો સામે દંડ વસૂલવાની કામગીરી સઘન બનાવવા સૂચન કર્યુ હતું

સમગ્ર રાજયમાં કોરોનાના વધતા કેસને લઈ માસ્ક પહેર્યા વિના ફરતા લોકો વિરૂધ્ધ કાર્યવાહિ કરવાની સત્તા પોલીસને પણ સોંપવામાં આવી છે. જેમાં પોલીસ વિભાગ સક્રિય થઈ ૩૦ દિવસમાં ૫૯૮૫ લોકો પાસેથી રૂ. ૧૧,૯૭,૦૦૦ દંડ વસૂલ કર્યો છે. જયારે મોડાસા શહેરમાં પણ કોરોના કેસ વધતા નગરપાલિકા દ્વારા શહેરના ડુગરવાડા ચોકડી, ટાઉન હોલ ચાર રસ્તા તેમજ નવિન બસ સ્ટેશન વિસ્તારમાં સ્પેશ્યલ ડ્રાઈવ કરી માસ્ક ન ધારણ કરનાર લોકો સામે દંડની કાર્યવાહિ શરૂ કરાઈ જેમાં છેલ્લા મે માસ દરમિયાન ૩૩૭ લોકો પાસેથી રૂ. ૬૭૪૦૦, જૂન માસમાં ૭૮૫ લોકો પાસેથી ૧,૫૭,૦૦ જયારે જુલાઈના છેલ્લા ૧૫ દિવસમાં ૮૧૦ લોકો પાસેથી ૧,૬૨,૦૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આમ મળી કુલ ૭૯૧૫ માસ્ક વિનાના રૂ. ૧૫,૮૩,૦૦૦નો દંડ કરાયો છે.

# સાવરકુંડલા પંથકમાં તબીબોને નિશાન બનાવતા પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ

સાવરકુંડલા પંથકમાં જુદા જુદા ગામોમાં જઈ પત્રકાર હોવાનું કહી ખાનગી તબીબોને ધમકીઓ આપી બોગસ તબીબી હોવાનું જણાવી ન્યુઝમાં આપી દેવાની ધમકી આપી પૈસાનો તોડ કરતા સાવરકુંડલા બે શખ્સો સહિત પાંચ સામે સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા સાવરકુંડલાના બે શખ્સોની તાલુકા પોલીસે ધરપકડ કરી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સાવરકુંડલાના પીઠવડી ગામે રહેતા અને આયુર્વેદિક (બી.એ.એમ.એસ.) ડોકટરની ડિગ્રી ધરાવતાં અને છેલ્લાં ૧૨ વર્ષથી ગામમાં રહી પ્રેક્ટિસ કરતા ડો. રાજેશભાઈ હરદાસભાઈ નાકરાણીના દવાખાને તા. ૨-૭-૨૦ના રોજ સવારે પાંચેક શખ્સો મીડિયામાંથી આવ્યા છીએ તમે કહી ડો. રાજેશભાઈની ડિગ્રી અંગે પૂછયું હતું અને તમારી પાસે બોગસ ડિગ્રી છે. તમે દર્દીઓને છેતરો છો અને બોગસ દવાખાનું છે તેમ કહી ધમકાવી પત્રકાર બની તોડ કરવા આવેલ. પાંચેય શખ્સોએ ડો. રાજેશભાઈ પાસે ૫૦,૦૦૦ માંગ્યા હતા. નહીં આપો તો તમારું નામ ન્યુઝમાં આપી દઈશું તેવી ધમકી આપતા ડો. રાજેશભાઈ ગભરાઈ ગયેલ અને બેભાન થતા તેમને સાવરકુંડલા ડો. પીપળીયાને ત્યાં સારવાર અર્થે લઈ ગયેલ હતા અને ત્યાંથી ઘરે ગયા હતા. બીજા દિવસે રાજેશભાઈને ગાધકડા ગામના ડોકટર ધમેન્દ્ર સેલડિયા કહેલ કે આ પાંચેય શખ્સો નેસડીના વૈદ્ય દિનેશભાઈ રાજ્યગુરુ પાસેથી ૩૧૦૦ અને ડો. દલપત આહિર પાસેથી ૧૫,૦૦૦ લઈ ગયેલ હોવાનું જણાવ્યું તેમજ નેસડીના મહેશભાઈ તળાવીયા તેમજ ગાધકડા ડો. ધમેન્દ્ર સેલડીયા પાસેથી પણ ધમકી આપી હોવાનું જણાવ્યું. તબીબે પોલીસનો સંપર્ક કરી પત્રકાર બની આવેલ આ પાંચેય શખ્સોના નામ જાણતા હોઈ જેથી સાવરકુંડલા રૂરલ પોલીસમાં પત્રકાર તરીકે આવેલ (૧) અરમાન સલીમભાઈ ધાનાણી- રહે સાવરકુંડલા (૨) અશોક હાવલીયા રાવળદેવ-રહે વંડા (૩) હનીફભાઈ રહે-કરજાળા (૪) અન્વરખાન પઠાણ રહે-સાવરકુંડલા અને (૫) એક અજાણ્યો શખ્સ સહિત પાંચ સામે ફરિયાદ નોંધાવતા સાવરકુંડલા રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે. ઉપરોક્ત પાંચ પૈકી અરમાન ધાનાણી અને અન્વરખાન પઠાણની સાવરકુંડલા રૂરલના મહિલા પીએસઆઈ એ.પી. ડોડીયા ધરપકડ કરી છે વધુ ત્રણની તપાસ હાથ ધરી છે.

નેપાળના PMનું વિવાદાસ્પદ નિવેદન

# ઓલીએ કહ્યું-મૂળ અયોધ્યા ભારતમાં નહીં પણ નેપાળમાં છે

કેપી શર્મા ઓલીએ કહ્યું- નેપાળે સીતા આપ્યા અને નેપાળે જ ભગવાન રામ આપ્યા છે

ઓલીએ ભારત પર સાંસ્કૃતિક દમન (Cultural Oppression) અને હકીકત સાથે ચેડા કરવાનો આરોપ લગાવ્યો

કાઠમંડુ. સરહદને લગતા વિવાદ વચ્ચે નેપાળે વધુ એક દુષ્પ્રચાર શરૂ કર્યો છે. નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીએ એક નિવેદન આપ્યુ છે કે ભગવાન રામ ભારતીય નહીં પણ નેપાળી છે. તેમણે એવો પણ દાવો કર્યો છે કે મૂળ અયોધ્યા ભારતમાં નહીં પણ નેપાળમાં છે.

ઓલીએ તેમના નિવાસ સ્થાને યોજાયેલા એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ નિવેદન આપ્યુ છે. તેમણે ભારત પર સાંસ્કૃતિક અત્યાચારનો પણ આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે વિજ્ઞાન માટે નેપાળે જે યોગદાન આપ્યુ છે તેને હંમેશા નજર અંદાજ કરવામાં આવ્યુ છે.

બીરગંજ પાસે હતી અયોધ્યા-ઓલી

ઓલીએ કહ્યું કે અમારું હંમેશા એવું માનવું રહ્યું છે કે અમે રાજકુમાર રામને સીતા આપ્યા. પણ, અમે ભગવાન રામ પણ આપ્યા છે. અમે રામ અયોધ્યાથી આપ્યા, પણ તે ભારતમાંથી નહીં. તેમણે દાવો કર્યો હતો કે અયોધ્યા કાઠમંડુથી ૧૩૫ કિલોમીટર દૂર બીરગંજનું એક નાનુ ગામ થોરી હતું. અમારા પર સાંસ્કૃતિક દમન (Cultural Oppression) કરવામાં આવ્યું છે અને હકીકત સાથે ચેડા કરવામાં આવ્યા છે.

સીમા વિવાદ વચ્ચે વિવાદિત નિવેદન

ઓલીનું આ નિવેદન એવા સમયે આવ્યુ છે કે જ્યારે ભારત અને નેપાળ વચ્ચે સીમા વિવાદ ચાલી રહ્યો છે. નેપાળે તેના નવા રાજકીય નકશાને મંજૂરી આપી છે. તેમા તિબ્બત, ચીન અને નેપાળને જોડાયેલા સીમા પર આવેલા ભારતીય ક્ષેત્ર કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધૂરાને નેપાળનો ભાગ દર્શાવ્યો છે.

ઓલી પોતાના ઘરમાં જ ઘેરાયા છે

ઓપીએ આ નિવેદન એવા સમયે આપ્યુ છે કે જ્યારે તેઓ પોતાના પક્ષ દ્રઝૈંમાં અલગ-થલગ પડી ગયા છે. પક્ષના નેતાઓ જ તેમની પાસે રાજીનામુ માંગી રહ્યા છે. જોકે ઓલી રાજીનામુ આપવા માટે તૈયાર નથી. તેમના હરિફ પુષ્પ કમલ દહલ ઉર્ફે પ્રચંડ ઓલીનું રાજીનામુ માંગવા અડીખમ છે. બન્ને નેતા વચ્ચે ૬ તબક્કામાં વાતચીત થઈ ગઈ છે. જોકે, સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી એટલે કે સ્થિતિ યથાવત છે.




# મોહદીસે આઝમ મિશન ધ્વરા કોવીડ હોસ્પિટલના ડોક્ટરો તેમજ સ્ટાફનું સન્માન કરવામાં આવ્યુ




દેશ તેમજ દુનિયામાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે દેશ મા કોરોના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોના વોરિયર્સ તરીકે ડોકટરો પોતાના જીવ તેમજ પરિવારની ચિન્તા કર્યા વગર સતત કોરોના દર્દીની સારવાર માટે નિસ્વાર્થ સેવા આપી રહ્યા છે ત્યારે મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટહ્ના ડોક્ટરો યગ્નેશ નાયક તેમજ તેમની ટીમ સાથેના ડોકટર હર્ષ ચૌધરી, ડોકટર સીરાજ ગેણા, ડોકટર નિલય પટેલ, ડોકટર તન્મય પટેલ, ડોકટર અમરીશ પટેલ, ડોકટર કુલદીપ પટેલ, ડોકટર સંતોષ કુમાર પ્રજાપતિ તેમજ નર્સિંગ સ્ટાફ, સ્વીપર સહિત તમામ હેલ્થ કોરોના વોરિયર્સ નું સન્માન મોહદીસે આઝમ મિશન દ્વારા કરવામાં આવ્યુ. તેમજ તેમની સેવાઓને બીરદવામાં આવી હતી.

# આશા એ જીવનનું બીજુ નામ છે

માર્ટિન લ્યુથર કિંગ કહે છે કે : 'એવરીથીંગ ધેટ ઈઝ ડન ઈન ધ વર્લ્ડ ઈઝ ડન બાય હોપ' દુનિયામાં મનુષ્યે જે કંઈ મેળવ્યું છે એ આશાના આધારે મેળવ્યું છે. માનવ સમાજમાં આપણને બે પ્રકારના માણસો જોવા મળે છે. આશાવાદી અને નિરાશાવાદી પણ હકીકતે લગભગ બધા માણસો આશાવાદી જ હોય છે. નિરાશાવાદી માણસો પણ ઊંડે ઊંડે આશાવાદી હોય છે. સંપૂર્ણ નિરાશાવાદી માણસ જીવી જ ના શકે. એમનો નિરાશાવાદ માત્ર એક વૈચારિક હોય છે. એક ફેશન હોય છે. ચર્ચા કે ચતુરાઈ માટેનું સાધન હોય છે. સામાન્ય માણસ તો આશાના આધારે જ જીવન જીવતો હોય છે.

આશા એ વાસ્તવિક્તાની તદન વિરુદ્ધની સ્થિતિ છે. વાસ્તવિક્તામાં જે દેખાતું ન હોય એને જોવા પ્રયત્ન કરવો એટલે આશા રાખવી, અંધારી વાસ્તવિક્તામાં પ્રકાશિત કિરણને શોધવા પ્રયત્ન કરવો એટલે આશા રાખવી. આશા આજની વાસ્તવિક્તામાંથી આવતીકાલનું સર્જન કરનાર શિલ્પી છે. જીવનની ગતિ અને પ્રગતિ આશાને કારણે છે. આશાની શકિતને પૂરેપૂરી આપણે જાણી શક્યા નથી. આશા આપણા જીવન સાથે અતુટપણે વણાયેલી છે. કદાચ આશા એ જીવનનો સ્વભાવ છે.

ગમે તેવા અંધકારમાં પણ જીવન કોઈક પ્રકારના કિરણને શોધવા પ્રયત્ન કરે છે. આશા એ જીવનનો લીલો હરિયાળો રંગ છે એ જ્યારે સુકાવા માંડે છે ત્યારે જીવન પણ સુકાવા લાગે છે. કેટલાક લોકો સામાનય્ રોગ સામે હારી જાય છે જ્યારે ઘણા લોકો અસાધ્ય રોગ ટક્કર લે છે અને વર્ષો સુધી જીવતા રહે છે એનું કારણ પણ આશા જ છે.

મિત્રો જીવન આશા સાથે ઓતપ્રોત છે. જીવનના સ્ત્રોત સાથે જ આશાનો સ્ત્રોત પણ વૃદ્ધિ પામે છે. જીવનમ જ્યારે સુકાય છે ત્યારે આશા પણ ક્ષીણ થાય છે અને સુકાય છે અને એટલે જે માણસ જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે પહેલા એની આશાઓ મરે છે પછી એ મરે છે. માણસના જીવનમાં ક્યારેક એવી પળો આવી જાય છે ચારેતરફ એને અંધકાર દેખાય છે. જે તરફ એ ચહેરો ફેરવે છે તે તરફ રસ્તાને બદલે પ્રશ્નો જ સામે ઊભેલા દેખાય છે. જેવા કે કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ, બિમાર પત્ની કે બાળકો અકસ્માતો બેકારી ભંયકર ગરીબી દેવાના ડુંગર, ધંધામાં ખોટ, નોકરીમાં મુશ્કેલીઓ અપરણિત પુત્ર-પુત્રીઓ ક્યાંય પણ કઈ દેખાતું નથી શું કરવું.

આવી સ્થિતિમાં જીવનનો જે સ્વભાવ છે તે પ્રમાણે વર્તવું પોતાની બુદ્ધિની પાળથી આશાને રોકવી નહી જીવનનો સ્વભાવ આશા છે. જીવ માત્ર આશાવાદી જ હોય છે. માત્ર માણસ જ પોતાની બુદ્ધિની દિવાલોથી આશાને કેટલીક વાર અવરોધે છે. છતા આપણો સૌ એ આશાને અમર રાખવી જ પડશે. તો જ જીંદગીમાં જીવી શકાશે.

- ડી.એફ. પાંડોર

# બ્રાહ્મણવાદીઓનું રક્ષણ થઈ રહ્યું છે સરકારી તિજોરીના ધનથી !!!

મૂળનિવાસી-
વૃત્તસંસ્થા, લખનૌ

કેન્દ્રની સરકાર હોય કે રાજ્યની સરકાર હોય આ બધા એક જ ઉદ્દેશ્યથી કાર્ય કરી રહ્યા છે. આ લોકોનો ઉદ્દેશ માત્રનો માત્ર બ્રાહ્મણવાદીઓની સુરક્ષા અને વર્ચસ્વ ટકાવી રાખવાનો છે. દેશ કંગાળિયાત બને કે ગરીબો ભૂખમરાના માર સહન કરે તે માટે કોઈપણ સરકાર આવે તેના સમાધાન માટેની કોઈ પદ્ધતિ અપનાવી નથી. બલ્કે એ જ જૂની પુરાણી ઘસાયેલી પદ્ધતિઓ અને જનવિરોધી નીતિઓ અપનાવી છે. જેના લીધે આજે દેશની પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે જે હાલમાં કઈ દિશામાં જઈ રહી છે તે સમય બતાવશે.


સત્તા-શાસન પર કબ્જો જમાવી બેઠેલા બ્રાહ્મણ-બનિયાઓ રાષ્ટ્રમાં ભ્રષ્ટાચારને ફેલાવવા અને તેને પોષવા માટેના કાર્યમાં લાગેલા છે. સરકારમાં બેઠેલા બ્રાહ્મણવાદીઓનું એક જ લક્ષ્ય છે કે માત્ર પોતાને સુરક્ષિત રાખવા અને તેના માટે દેશને લૂંટી લૂંટીને તાનાશાહી ઊભી કરવી. સરકાર પર કબ્જો ધરાવતાં આ વિદેશી બ્રાહ્મણોને ગુન્હો (અપરાધ) કરવાનું લાયસન્સ મળેલું છે. તે લાયસન્સ પૂના પેકેટ દ્વારા ગાંધીએ આપ્યું છે. જેને આ જનતા દ્વારા દર પાંચ વર્ષમાં પુનર્ચાલિત કરાવતાં રહે છે અને પછી આ કામ જનતા સ્વયં કરે છે. એટલા માટે તેમને જનતાની કોઈ ફિકર કરવાની જરૂર હોય તેવું લાગતું નથી. પાંચ વર્ષનું લાયસન્સ કોને મળશે એ તો જનતા ખુદ નક્કી કરી દે છે. જનતા ફક્ત હસ્તાંતરિત કરે છે. પરંતુ લાયસન્સ લેવાવાળા જનતા વિશે શું કરવા વિચારે ? કેમકે લાયસન્સને તો તેઓ પોતાનું ખુદનું સમજે છે. ભારતમાં તમામ પ્રકારના ભ્રષ્ટાચાર કરવા માટે ઓફિસરો અને નેતાઓ આવા લાયસન્સનો ઉપયોગ કરે છે અને પછી તેઓ તેમાંથી જ પ્રાપ્ત ધન વડે શાસન-સત્તામાં બેસને તાનાશાહી ચલાવે છે પરંતુ જનતા જાણતી નથી કે જે પાવરને તેઓ નિર્માણ કરે છે તે જ પાવર તેમના માટે જીવલેણ સાબિત થાય છે.

દેશમાં સુરક્ષાની જવાબદારી સરકારની છે. પરંતુ સરકાર કોઈની સુરક્ષા કરતી નથી. બીજી તરફ જનતાને ભ્રમિત કરતા જનતાં એવું માને છે કે સરકાર આપણા માટે જ વ્યવસ્થા કરી રહી છે. પરંતુ એવું નથી. સરકાર જનતાની સુરક્ષા નથી કરતી બલ્કે પોતાની સુરક્ષાની જ વ્યવસ્થા કરે છે. દેશમાં દરેક નાગરિક કંઈકને કંઈક મહેનત-મજૂરી કરીને પોતાના ભવિષ્ય માટે કંઈક નિર્માણ કરે છે. જ્યારે બીજી તરફ સરકાર દેશનું પ્રતિનિધિત્વ કરી રહી હોત તો મોંઘવારી અને ભૂખમરો પેદા ન થાત. પરંતુ સરકાર એવું કંઈ જ નથી કરતી કે જેનાથી સાધારણ જનતાની સુરક્ષાનું કાર્ય કાર્યપાલિકા-વહીવટતંત્ર (પ્રશાસન) કરે છે. પરંતુ ન્યાયપાલિકા વિધાયિકા પર આધાર રાખે છે તેમ મીડિયા પણ કંઈક ભૂમિકા નિભાવી રહી છે પંરતુ તે જેને ઈચ્છે છે તેનું જ પૂરેપૂરી રીતે રક્ષણ કરે છે. સરકર પોતાની સુરક્ષા કરે છે અને જનતાની સુરક્ષાની વાતો ખાલી જ કરીને જનતાની સુરક્ષા કરતી હોત તો બળાત્કાર, અપહરણ, લુંટ, હત્યા, તેમજ આંતરિક યુદ્ધ જેવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થઈ હોત. પરંતુ ભ્રષ્ટાચાર ફેલાવનારા, લૂંટ કરનારાં અને લાંચ લેવાવાળાઓની સુરક્ષા માટે કમાન્ડો રાખવામાં આવે છે.

ઉત્તરપ્રદેશમાં જેટલા અપરાધીઓ છે તેમને સરકાર રક્ષણ પૂરુ પાડે છે. જનતા તો નિઃસહાય છે ઘટના ઘટિત થઈ ગયા પછી જ પોલીસ -પ્રશાસન ત્યાં જાય છે. બલ્કે સાસંદ -ધારાસભ્ય અને ઉદ્યોગપતિ જેવા બનેલા પાછળ ૨૪ કલાક સુરક્ષા ઉપલબ્ધ કરાવી રહી છે ને તે પણ સરકારી ખર્ચે.

 ISSN-2454-9622 Dt. 21-07-2020, Tuesday

# સાહિત્ય સમીક્ષા : મન જે માને ના હાર




લેખક : રયુહો ઓકાવા

જિંદગી પર્વતને કોતરીને બનાવેલા બોગદા જેવી છે તમારે પથ્થર તોડીને આગળ વધવાનું છે. નિષ્કાળજી ઓળખતો નથી. ઓળખું છું માત્ર સફળતાને !! પોતાની સમતાઓનો સમયનો અને પૈસાનો સારો અને સાચો ઉપયોગ કરવાની ક્ષમતા હોવી જોઈએ. આવનાર પરિસ્થિતિને અગાઉથી જોવાનું વિઝન હોવું જોઈએ. જેઓ માનાઓના પરિણામોને અગાઉથી જોઈ શકે છે તેમનામાં આવનારા સમયને પારખવાની શક્તિ હોય છે. સામાન્ય રીતે દુનિયા જેમણે કંઈક કરી બતાવ્યું છે એ લોકો આરામદાયક વાતાવરણમાં ઉછર્યા ન હોવા છતાં પરંતુ સ્વ પ્રયત્નોથી માર્ગમાં આવતા વિઘ્નોને દૂર કરીને શક્તિશાળી બન્યા હતા જીવનની ચડ-ઉતરમાંથી જ શીખવાનું મળે એ વર્તમાનમાં જિંદગી આભાસી બની ગઈ છે. લોકો બીજાને હડસેલીને આગળ નીકળી જવામાં આનંદ અનુભવે છે. ઓફીસનો સ્ટાફ સાહેબને કહે કે સાહેબ ચિંતા કરવા જેવું કંઈ નથી બધુ એકદમ બરાબર ચાલે છે કાર્યક્રમ લોકો કોઈ નવું કામ હાથ ઉપર લે છે ત્યારે તેમાં ખૂબ મહેનત કરે છે. અને પોતે કેટલું શ્રેષ્ઠ રીતે કામ કરી શકે છે તે દર્શાવવાનો પ્રયત્ન કરે છે. તેમ જેમ વધુ કામ કરો તેમ તમારી કદર ઓછી થશે. પોતાની સફળતા માટે પ્રયત્નશીલ લોકો બીજાને આનંદ આપી શકતા નથી. ધીમે ધીમે તેઓ પ્રશંસા મેળવવા તલપાપડ લોકોની આલોચના કરવા માંડશે. તેનું ઘસાતું બોલવા લાગશે. અને તેની વિરુદ્ધ થઈ જશે. સંજોગો સંદતર તમારી વિરુદ્ધ થઈ જાય તે તમારી આત્મશક્તિને મજબૂત બનાવવાની તમને તક પૂરી પાડે છે. દરેક એવું માનતા હોય છે કે કંપની કે સંસ્થા માટે પોતે અનિવાર્ય છે. તેમ છતાં તેમનું સ્થાન લઈ શકે તેવી વ્યક્તિ મળી જ રહે છે. મુશ્કેલીઓ સામે લડનારા તથા જેમને પોતાની તાકાતમાં ફેરવી શકનારાઓની ભીતરમાં તાકાત હોય છે. મુશ્કેલી કાયમ ટકી રહેવાની નથી. મુશ્કેલીઓને મરડીને તેમાંથી સફળતાની સીડી બનાવનારા પણ પડ્યા છે.

લોકોમાં કામ કરવાની આવડત નથી હોતી એમ નથી પરંતુ તેમનામાં નવું વિચારવાની કે પ્રયોગ કરવાની વૃત્તિ હોતી નથી. તમને મદદ કરવા તૈયાર હોય તેવી સપોર્ટ ટીમને તૈયાર કરો. માત્ર ચિંતા કરવાનો બદલે વિષમ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના રસ્તાો તથા અન્ય વિકલ્પો તમારે વિચારવા જોઈએ. કેટલાકમાં સુષુપ્ત રીતે સારી લેખન શક્તિ પડી હોય, સંઘર્ષના સમયમાં તેનો ઉપયોગ કરીને તે કોઈ પુસ્તક લખે તેવું બની શકે. શકય છે કે તેમાંથી તેની ધારણાઓમાંથી બહાર સફળતા મળે. ફરિયાદો કરવા કરતા તેના ઉપાયમાં મન પરોવી દો. અભ્યાસીના સમયમાં સરેરાશ કે નબળા લાગતા હોય પરંતુ આગળ જતા તે તીક્ષ્ણ બુદ્ધિવાળા સાબિત થાય છે. એકધારો સમય ન મળે તો તેને માટે લખવું મુશ્કેલ બની જાય છે. વાચકો પુસ્તકને સરળતાથી સમજી શકે તે સૌથી જરૂરી છે. ભુતકાળના સમગમાં વડીલો વચલો રસ્તો કાઢવામાં હોંશિયાર હતા. ત્રીજો વિકલ્પ પણ શોધી શકો છો. હા કે નાની રીતે જ વિચારવાને બદલે કોઈ ત્રીજો વિકલ્પ શોધવાનો પ્રયત્ન કરવાનું હું વધુ યોગ્ય માનું છું. તમને મદદરૂપ બનવા કરતા નડતરરૂપ લોકોની સંખ્યા વધુ લાગશે. નબળાઈઓને સ્વીકારવાને બદલે પડકારો દુનિયા તમને ગમે તે સમયે તમે અલગ સાબિત થઈ શકો છો.

આપણી આજુબાજુના ભૌતિક જેવા અને દુનિયામાં વસતો માનવ સમુદાય આપણે શીખવવાનો વિકલ્પ છે. નબળું મન નકારાત્મક વિચારે છે. ધાર્મિક વ્યક્તિઓ વાસ્તવિકતાથી દુર જોવા મળે છે. કોઈ શક્તિશાળી વ્યક્તિપોતાની તાકાતનો ઉપયોગ નિબર્ળ લોકોની રક્ષા માટે કરે તો તે સારી બાબત છે પરંતુ નિદોર્ષ લોકોને હેરાન કરવામાં કરે તો તે ખરાબ બાબતછે. ઊંચી લાયકાત ધરાવનારા જીવનસાથી જોઈએ તો પોતાની લાયકાતને તેનાથી ઊંચી લઈ જવી જોઈએ. જેટલી બુદ્ધિ વધુ તેટલા માર્ક છધુ એવું નથી. પત્ની-પતિમાં તાળા અને ચાવીમાં જેવો સમેળ હોય છે. ચીનમાં લોકો એકબીજાને મળે ત્યારે પૂછે છે કે તમને કોઈ ઉમદા વ્યક્તી મળી હતી કે નહીં ? જ્યારે ભારતમાં લોકો જાતિ પૂછે છે. જાણે એમણે પ્રેરણાદાયી વિચારો તમારા ઉંમર અસર કરતા હોય છે. કેટલાક લોકો જ્યારે ભૂલ કરે છી ત્યારે નસીબને દોષ દે છે શું માતર્ હકારાત્મક દૃષ્ટિએ જ વિચારવું પુરતું છે ? શું માતર્ એક દિશામાં વિચારવું યોગ્ય છે ? ના, બિલકુલ નહીં. વાસ્તવિક રીતે લોકો પડે છે, આથડે છે ફરી ઊભા થાય છે અને જીવનને વધુ બહેતર બનાવાવના પ્રયત્નોમાં ડૂબી જાય છે.

માત્ર ઉજળી બાજુ જ હોવી જોઈએ તે નિયમ આધ્યાત્મિક કે ધાર્મિક પૂરતો છે. ભૌતિક જગતમાં તે પૂરો લાગું પડતો નથી. પવન ગમે તે દિશામાં હોય તેનો ઉપયોગ કરતા આવડે છે તેવું વહાણ આગળ ચાલતું જ જાય છે. જીવનમાં જ્યારે વળાંક આવે ત્યારે અચૂકપણે તમારી આજુબાજુના વાતાવરણ તથા લોકો સાથે તમારી સંવાદિતા તૂટી જાય છે. મારી મુશ્કેલીના સમયે જ મને બધુ શક્તિશાળી બનાવ્યો છે કેટલાક લોકો ટૂંકા ગાળાની સફળતાના ખેલાડીઓ હોય છે. તો કેટલાક લાંબાગાળાના સફળતાના ખેલાડી હોય છે. દુનિયામાં શરૂઆતમાં નબળા ગણાતા ઘણાં લોકો લાંબાગાળે ધુરંધર સાબિત થયા છે.

વર્ગમાં બધાથી આગળ રહીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી શિક્ષક સમજાવે તે તરત સમજી જાય છે. જવાબો ફટાફટ આપે છે પ્રથમ નજરે તે ખૂબ બુદ્ધિશાળી લાગે છે. પરંતુ જો તેણે માત્ર જવાબો જ યાદ રાખ્યા હશે અનો વિષયને સંપૂર્ણ સમજવાની તસ્દી નહીં લીધી. હોય તો આગળ જતાં લાંબાગાળે પોતાની ધારણા મુજબના પરિણામો કેળવી નહીં શકે. થોડી બાંધછોડ કરીનો પરિસ્થિતિ તમારી તરફેણમાં બદલી નાખો. જેમા વધુ આગળ વધો તેમ તમારે વધુ ને વધુ નામ બનતા જવાનું છે. સુસવાટા ભર્યા પવનથી વૃક્ષોને નુકશાન થઈ શકે છે પણ પવનચક્કી છે તેમાંથી ભરપૂર શક્તિ મળે છે.

ડો. સુભાષ પાંડર


# વાંસદાના સુખાબારી ગામનું ગૌરવ : હેતલબેન ગાવિત પી.એચડી. થયા

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામની દિકરી હેતલબેન ભગુભાઈ ગાવિત, આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે બી. કે. મોદી ગર્વમેન્ટ ફાર્મસી કોલેજ, રાજકોટ અને હાલ ગર્વમેન્ટ ફાર્મસી કોલેજ-સુરત ખાતે ફરજ બજાવે છે. હેતલબેનો તત્કાલીન પ્રિન્સીપાલ ડો. એન. એમ. પટેલ -એવન કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ફાઈટો ફાર્માકોગ્નાોસ્ટીકલ ઈવેલ્યુએશન ઓફ અમારાંથસ બ્લીટન લીન લીવ્ઝ વિષય ઉપર મહાનિબંધ તેયાર કરીનો રજૂ કરતા હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી-પાટણ દ્વારા આ મહાનિબંધને માન્ય રાખી હેતલબેનને પી.એચડી.ની પદવી એનાયત કરી હતી. હેતલબેન ગાવિતે પોતાની કારકિર્દીનાં ઉચ્ચ શિખર સર કરી શ્રેષ્ઠતા મેળવી સિદ્ધિ હાંસલ કરી સુખાબારી ગામ અને ગાવિત સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ મેળવવા બદલ નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. પૂર્વ શિક્ષણાધિકારી બી.કે. ગાવિતના પુત્રી ડો. હેતલબેને ડી-ફાર્મ એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસી-અમદાવાદ, બી.ફાર્મ એસ. કે. પટેલ કોલેજ ઓફ ફાર્મા એજ્યુકેશન એન્ડ રીસર્ચ, ગણપત વિદ્યાનગર, ખેરવા, એમ.ફાર્મ આર.સી. પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ ફાર્મા એજ્યુકેશન એન્ડ રીસર્ચ-શીરપુર(મહારાષ્ટ્ર) ખાતે શિક્ષણ મેળવ્યું હતું.

# પોલીસ સ્ટેશનમાંથી વહીવટ કરીનો કલાકોમાં જામીન આપવાની સત્તા છીનવાઈ

**દરેક આરોપીને કોર્ટમાં જ રજૂ કરવા ફરજિયાત, કાયદામાં સુધારો**

કેન્દ્રના કાયદા વિભાગે સીઆરપીસી ૪૧-એમાં સુધારો કરી પોલીસ સ્ટેશનમાંથી જ આરોપીઓને જામીન આપવાની જોગવાઈ રદ કરી નાંખી છે. હવેથી આરોપીના કોર્ટ દ્વારા જ જામીન મંજુર કરવાની જોગવાઈ અમલી બનાવવામાં આવી છે. આ અંગે કેન્દ્રીય કાયદા મંત્રાલયે જાહેરનામું પણ બહાર પાડી દીધું છે. અત્યાર સુધી સાત વર્ષ સુધીની જેલ સજાને પાત્ર ગુનામાં પોલીસ સ્ટેશનમાંથી જ જામીન ઉપર છોડયાની જોગવાઈ હતી. પરંતુ પોલીસ સ્ટેશનમાં જામીન આપવાના બહાને પીડિતો પાસેથી પૈસા પડાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. જેના પગલે કાયદા વિભાગે સીઆરપીસી-૪૧-એમાં સુધારો કરતું નોટીફિકેશન બહાર પાડી પોલીસ સ્ટેશનમાંથી આરોપીનો જામીન આપવાની સત્તા છીનવી લીધી છે. નવી જોગવાઈ મુજબ એસએચઓએ કેસ દાખલ કરીને આરોપીને કોર્ટમાં રજૂ કરવાના રહેશે. જોકે નવી જોગવાઈ સામે એવી દલીલ થઈ રહી છે કે હાલ અદાલતોમાં વિવિધ કેસોનું ભારણ પ્રમાણમાં ઘણું બધું છે. તેવામાં પોલીસ સ્ટેશનમાં જામીન આપવાની જોગવાઈ રદ થવાથી અદાલતો ઉપર કામના ભારણમાં વધારો થશે અને ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે જુગાર જેવા સામાન્ય ગુનાઓમાં પોલીસ સ્ટેશનમાંથી જામીન અપાતા હતા પરંતુ હવે આવા કિસ્સામાં પોલીસ સ્ટેશનોમાંથી માર નહીં મારવાના નામે મોટા વહીવટ કરવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી.



# પર્સનલ લો



ચુનીલાલ પાંડવ દ્વારા
સામાજીક કાર્યકર

ભારત દેશમાં લોકો અલગ અલગ ધર્મમાં વિશ્વાસ ધરાવે છે. લગ્ન, છુટાછેડા, વારસદાર, દત્તક લેવું, વસીયતનામું વગેરે પરિવારને લગતા પ્રશ્નો માટે જુદા જુદા પર્સનલ લો છે.

પર્સનલ લોની વિષય વસ્તુ ભારતના બંધારણની ૭મી અનુસૂચિ-૩, સમવર્તી સૂચિના પ્રવિષ્ટ-પના સંબાંધિત છે. જે અનુચ્છેદ ૨૫૪માં આનુ વિવરણ કરવામાં આવેલ છે.

(અ) લગ્ન વિવાહ : (૧) અધિનિયમ ૧૯૫૪માં લગ્નની સવિશેષ વિધિની વ્યવસ્થા કરવામાં આવેલ છે અને આ લગ્નવિધિ, મેરેજ રજીસ્ટર્ડ જે થાય છે તે જમ્મુ-કાશ્મીર છોડીને આખા ભારતમાં અમલ થાય છે. (૨) આ કાયદાની કલમ મુજબ વ્યક્તિ મેરેજ રજીસ્ટર્ડ કરાવી શકે છે ભલે પછી તેઓ અલગ-અલગ ધર્મમાં માનનારા હોય. (૩) હિન્દુ લગ્ન અધિનિયમ ૧૯૫૫ દ્વારા હિન્દુઓમાં પ્રચલિત કાયદાને વિધિબદ્ધ કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. (૪) આ કાયદો હિંદુઓ અને બુદ્ધ, શિખ, જૈન તથા એવા પ્રકારના લોકો માટે પણ લાગુ પડે છે. જે ધર્મથી મુસલમાન ખ્રિસ્તી, પારસી અથવા યહુદી નથી. (૫) છૂટાછેડાના સંબંધમાં હિંન્દુ લગ્ન અધિનિયમ ૧૩ અને વિશેષ વિવાહ અધિનિયમનીસ કલમ ૨૭માં નિહિત છે. (૬) આ ઉપર્યુક્ત અંતર્ગત સામાન્ય કારણોના આધાર પર પતિ અથવા પત્ની છુટાછેડા માગી શકે છે. આ કારણોમાં મુખ્યત્વે વ્યભિચાર, ક્રુરતા, મગજની અવસ્થતા, યૌન રોગ, કોઢ, પરિત્યાગ, અંદરો-અંદર સહમતી તથા ૭ વર્ષથી જીવિત નથી એવી જાણકારીનો ખબર પડતાં. (૭) ખ્રિસ્તી સમુદાયના સંબંધમાં લગ્ન અને છુટાછેડાનો લગતી માહિતી ભારતીય ઈસાઈ વિવાહ અધિનિયમ ૧૮૭૨ અને ભારતીય છુટાછેડા અધિનિયમ ૧૮૬૯ની કલમ ૧૦માં સમાવેશ કરેલ છે. (૮) તલાકના મામલમાં મુસ્લિમ મહિલાઓને ભેદભાવપૂર્ણ સંબાંધી પ્રાવધાનને હટાવવા અને આપસી સહમતીથી લગ્ન વિચ્છેદના માટે તલાક અધિનિયમ ૧૮૬૯માં ભારતીય તલાક(સંશોધન) કાનૂન ૨૦૦1 દ્વારા વ્યાપક સંશોધન કરવામાં આપ્યા છે. (૯) ૧૮૬૯ના અધિનિયમની કલમ ૪૧માં સંશોધન લગ્ન કાનૂન (સંસોધન) અધિનિયમ, ૨૦૦1 દ્વારા કરવામાં આવેલ, જેથી નિર્વાહ ખર્ચ અથવા ભરણપોષણ અને નાના બાળકોના ભણતર માટે ધન, પૈસા સંબાંધી અરજીનો નિકાલ પ્રતિવાદીને નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર કરી શકાય. (૧૦) મુસલમાન વિવાહ અધિનિયમ-૧૯૩૯ પ્રમાણે કોઈ મુસલમાન પત્નીને પોતાનો વિવાહ તોડવાનો હક્ક આપવામાં આવેલ છે. (૧૧) પારસી વિવાહ અને તલાક અધિનિયમ-૧૯૩૬, પારસીઓના વૈવાહિક સંબંધોને માટે છે. આ અધિનિયમમાં ‘પારસી જોારએસ્ટ્રીયન’ના રૂપમાં પરિભાષિત કરવામાં આવેલ છે. (૧૨) આ કાયદા અંતર્ગત દરેક લગ્ન અને છુટાછેડાનો અધિનિયમમાં નિર્ધારિત પ્રક્રિયાની અનુસાર રજીસ્ટર્ડ થવું જોઈએ.

(બ) ભરણપોષણ : (૧) ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડા થાય અનો પતિ પત્નીને કાઢી મૂકે અનો પત્ની પોતાના પિયર જતી રહે અનો કોર્ટમાં કેસ કરે ત્યારે પત્નીનું ભરણપોષણ પતિએ કરવું પડે છે. (૨) ક્રિમિનલ પ્રોસીજર કોડ ઓફ ૧૯૭૩, અંતર્ગત ફકત્ પત્ની અને આક્ષિત બાળકો ઉપરાંત ગરીબ મા-બાપ અને છુટાછેડા પત્નીનું પણ ભરણપોષણ પતિએ કરવાનું રહેશે. (૩) ક્રિમીનલ પ્રોસીજર કોડ ઓફ ૧૯૭૩ અંતગર્ત જલદીથી અનો સસ્તો ઉપાય મળી શકે છે. (૪) છુટાછેડા પત્નીઓને પર્સનલ લો અંતર્ગત ધન મળે છે તોઓ ક્રિમીનલ પ્રોસીજરની અંતર્ગત ભરણપોષણનો દાવો કરવાનો હક્ક મળતો નથી. (૫) લાંબા ગાળાના વૈવાહિક મુકદમામાં કોર્ટ પતિની કુલ આવકમાંથી પમા ભાગનો હિસ્સો ખર્ચના રૂપમાં આપવા આદશે કોર્ટ કરી શકે છે. (૬) મુસ્લિમ લોના અંતર્ગત મુસ્લિમ મહિલા (તલાક ઉપર અધિકારોનું સંરક્ષણ) કૂનાન ૧૯૮૬માં સ્પષ્ટ જણાવ્યું છે કે જે પતિને તલાક આપી દીધા છે (સ્વીકારી) લીધો છે તેવા કેસમાં આ કાયદો મહિલાઓના અધિકારોની રક્ષા કરે છે, રક્ષણ કરે છે. (૭) પારસી વિવાહ અનો તલાક અધિનિયમ-૧૯૩૬ ભરણપોષણ નિર્વાહ ખર્ચ બંને માટે પત્નીના અધિકારનો માન્યતા આપે છે.

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઈન વેરીફીકેશન ઉપલબ્ધ

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI